Volume 2, Issue 4
July
2024

# ટપક E-MAGAZINE

26 – ઓમનગર (3), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

## નાબાર્ડ જુનાગઢના નવા ડીડીએમશ્રી દ્વારા ૨૫ જુલાઈ ૨૦૨૪ના રોજ જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપનીની મુલાકાત કરવામાં આવી.












## બુજેઠા ગામે ડેમો ફાર્મ ની મુલાકાત કરવામાં આવી. સંસ્થાના ડાયરેક્ટર શ્રી ધીરુભાઈ વાગડીયા દ્વારા પ્રોગ્રામની સમજ આપવામાં આવી.





## તાલીમ અને શિક્ષણ

**શિક્ષણના લેમ્પ કાર્યક્રમ અંતર્ગત ૧૨ ગામોમાં કિશોરીઓની આરોગ્ય, કૌશલ્ય વિકાસ, કારકિર્દી અને આત્મવિશ્વાસ જેવા મુદ્દાઓની તાલીમો કરવામાં આવી. જેમાં ૨૨૮ કિશોરીઓએ ભાગ લીધેલ હતો.**







પ્રોગ્રામ યુનિટ INGJ 27 અને INGJ 14 ની માસિક સમીક્ષા મીટીંગનું આયોજન ધોકડવા ગામે તા. ૨૬ જુલાઈ ૨૦૨૪ના રોજ તેમજ INGJ 45, INGJ 46 અને INGJ 48 ની મીટીંગનું આયોજન અમરેલી ખાતે તા. ૨૩ જુલાઈ ૨૦૨૪ રોજ થયું જેમાં કાર્યક્રમની પ્રવૃતિની સમીક્ષા, બાકી કામો અંગે આયોજન કરવામાં આવ્યું.






## આરોગ્ય અને પર્યાવરણ

**ચોમાસાની શરૂઆત થતા સંસ્થા દ્વારા કાર્ય વિસ્તારના ગામોમાં 'એક ખેડૂત એક' વૃક્ષ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિવિધ પ્રકારના રોપા ખેડૂતોને ઘર, ખેતરના શેઢે વાવવા માટે સંસ્થા દ્વારા આપવામાં આવ્યા.**

| વિગત | INGJ14 | INGJ27 | INGJ45 | INGJ46 | INGJ48 | વડોદરા | ગોંડલ |
|---|---|---|---|---|---|---|---|
| ગામ | ૩૭ | ૩૪ | ૨૨ | ૨૧ | ૧૬ | ૧૦ | ૪૬ |
| ખેડૂતો | ૨૨૦૦ | ૪૪૬૦ | ૩૭૦૦ | ૪૫૦૪ | ૩૯૮૬ | ૧૫ | ૫૯૪ |
| વૃક્ષો | ૩૯૦૦ | ૪૬૦૫ | ૩૭૦૦ | ૪૬૨૫ | ૩૯૮૬ | ૨૫૫ | ૭૮૧૧ |














## કૃષિ ઉત્પાદકતા અને આપત્તિજન્ય જોખમો

**કોટનકનેક્ટ માંથી કેતનભાઈ સતાસિયા દ્વારા INGJ46ની ૧૯ જુલાઈ ૨૦૨૪ ના રોજ એક દિવસીય સપોર્ટ વિઝીટ અને રીવ્યુ મીટીંગ લેવામાં આવી. જેમાં થયેલ કામો અને અગામી સમયમાં થનાર કામોની ચર્ચા કરવામાં આવી અને ફિલ્ડ વિઝીટ પણ કરવામાં આવી.**




**એલ જી ગ્રુપના ખેડૂતો સાથે વાવણી પછી કરવાની થતી તાલીમોનું આયોજન કરવામાં આવ્યું. તેમજ મજૂરોની મોડ્યુલ – ૧ અંગેની તાલીમો પણ કરવામાં આવી.**



ગત માસમાં મોકલેલ માટી પરીક્ષણના પરિણામો આવતા રીપોર્ટ ખેડૂતોને આપી તેના પરિણામો અંગે ચર્ચા કરવામાં આવી.



ગ્રીન કુક સ્ટવ માટે લાભાર્થીઓની ઓળખ અને પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી. અગામી સમયમાં તેમને ધુમાડા રહિત ચુલાનું વિતરણ કરવામાં આવશે.



ખાંભાના તાતણીયા, જાફરાબાદના ટીંબી, લાઠીના પ્રતાપગઢ, ધોકડવા પીપરીયા અને ચિતલ ખાતે બાયો કંટ્રોલ યુનિટની પેલી બેચમાં હવે ઉત્પાદન શરુ થયેલ છે.



ટપક E-MAGAZINE
Volume 2, Issue 4
July 2024

**સંસ્થા દ્વારા પ્રોજેક્ટ સાથે સંકળાયેલ કુલ ૬૩૦ ખેડૂતોને પીપીઈ કીટ આપવામાં આવી અને તેના ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.**








**ખેતીને પુનઃ જીવિત કરવા માટે કાર્યક્ષેત્રના ૧૩૦ ગામોમાં ૬ પ્રકારની પ્રેક્ટીસ સાથેના નિદર્શનો ખેડૂતોને આપવામાં આવ્યા. જેનાથી ખેતી ખર્ચમાં ઘટાડો અને જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદનમાં વધારો થશે.**





**આ મહિનામાં કુલ ૧૫ નવા નેચરલ ઈનપુટ સેન્ટર બનાવવામાં આવ્યા જેમાં પીપળવા, રૂગનાથપુર, બાબરપરા, પાનસડા, કોટડા પીઠા, કેરીયા, સણોસરી, ચાંચકવડ, સનખડા, વાંડળીયા, મોણપુર, શેડુભાર, સોંદરડી, નેસડા અને બલાણા ગામોનો સમાવેશ થાય છે.**











**વડોદરા કાર્ય વિસ્તારના મંડાળા ખાતે કાર્યકર મિત્રો માટે તાલીમકારોની તાલીમ કરવામાં આવી.**



બુજેઠા, ભાલોદ્રા, આંબલીયા, વડીયા અને ભાવપુરા ગામોમાં ખેડૂતોને સંકલિત રોગ અને જીવાત નિયંત્રણ તાલીમ આપવામાં આવી તેમજ બુજેઠા, પીપળીયા બગલીપુરા અને ભાલોદ્રા ગામોમાં ખેડૂતોને બાયો ઈનપુટની સમજ આપી બાયો ઈનપુટ આપવામાં આવ્યા.










ગોંડલ કાર્ય વિસ્તારના ૩ ગામોમાં ફળદ્રુપતા માપણી માટે નકશાઓ તૈયાર કરી ખેડૂતોને ડિજીટલ માધ્યમથી જમીનમાં પોષણક્ષમ તત્વોની ઉણપ અંગે તજજ્ઞો દ્વારા માહિતી આપવામાં આવી. આ ઉપરાંત ગ્રામ પંચાયત ડેવેલોપમેન્ટ પ્લાન અંગે તાલીમો, સૂર્યમુખી પાકના નિદર્શનો માટે બિયારણ, શાકભાજીના બીજની કીટ, આજીવિકા માટે ૬ ગામોની બહેનો માટે બાયફ સાથે સંકલન કરી પશુ ઉછેરની તાલીમ આપી ૨૮૫ બહેનોને કીટ આપવામાં આવી. ડીજીટલ ફાયનાન્સીયલ લીટરસી માટે ૫ ગામની ૨૧૮ બહેનોને તાલીમ આપવામાં આવી.














ટપુક E-MAGAZINE
Volume 2, Issue 4
July 2024

## સફળતા

### વરસાદ બાદ સંસ્થા દ્વારા નિર્માણ પામેલ ચેકડેમોમાં પાણીની આવક થતા ખેડૂતોને ફાયદો થશે અને પાણીના તળ પણ ઊંચા આવશે.



### ગોંડલ ક્લસ્ટરના ૪ ગામોમાં ગ્રામસભાનું આયોજન કરી રિસોર્સ મેપિંગ અને વોટર બજેટીંગ માટે કાર્ય કરવામાં આવ્યું.



ટપક E-MAGAZINE
Volume 2, Issue 4
July 2024

**ગોંડલના ગામોમાં ૫ ચેકડેમોના મરામતનું કામ પૂર્ણ કરેલ છે જેથી વરસાદમાં નવા પાણીનો સંગ્રહ થશે અને ખેડૂતો લાભ થશે.**








**Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here**

**Share your review**

www.sskkamreli.org info@sskkamreli.org